Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-15, Issue-3, December-2021

# ભારતમાં Covid-19 ની રોજગારી પરની વિપરીત અસર

**ડૉ.અનીતા પટેલ**

મદદનીશ પ્રાધ્યાપક-અર્થશાસ્ત્ર, સરકારી વિનયન કૉલેજ, ઝઘડીયા (રાણીપુરા) મોબાઈલ નં. ૯૧૭૩૯૦૨૯૦૦

***ટૂંકસાર-***

*આજે વિશ્વની કોઈ પણ વ્યક્તિ એવી નહી હોય કે જે કોરોના શબ્દથી પરિચિત ના હોય. નાના બાળકો પણ કોરોના મહામારીને સારી રીતે સમજી ગયા છે. બે વર્ષમાં લોકોએ જે શબ્દનો સૌથી વધારે પ્રયોગ કર્યો હશે તે છે કોરોના. કેમ કે કોરોનાએ સમગ્ર વિશ્વને હચમચાવી નાખ્યું હતું. એક સમય એવો હતો કે જયારે કોરોના વેક્સીનની શોધ થઈ ન હતી ત્યારે લોકોને કોરોના શબ્દથી જ બીક લગતી હતી. કેટલા લોકો પોતે કોરોના સંક્રમિત થયા છે એ સાંભળીને જ ઘબરાઈ જતા હતા ને મૃત્યુ પામતા. સમગ્ર વિશ્વમાં કોરોનાની આર્થિક, સામાજિક, મનૌવૈજ્ઞાનિક જેવી અસરો જોવા મળે છે. આર્થિક ક્ષેત્રમાં સૌથી ગંભીર અસરો થયી હોય તો તે રોજગારી પર થયી છે. માત્ર ભારત દેશની જ વાત કરીએ તો કોરોના મહામારીના લીધે જે લોકડાઉન થયું તેના લીધે લાખો લોકોએ તેમની રોજગારી ગુમાવવી પડી હતી. આ પેપરમાં કોરોના મહામારીના લીધે બેરોજગારીનો જે દર વધ્યો હતો તેની રજૂઆત કરવામાં આવેલી છે.*

***મુખ્ય શબ્દો***- *કોરોના, અસરકારક માંગ, બેકારી*

**પ્રસ્તાવના-**

ભારત એક અતિવસ્તી ધરાવતો દેશ છે. વસ્તીની દ્રષ્ટીએ ભારત ચીન પછી વિશ્વમાં બીજા ક્રમે આવે છે. લગભગ ૧૩૮ કરોડની વસ્તી ધરાવતા દેશમાં જો કોઈ વૈશ્વિક મહામારી સર્જાય તો તેની ગંભીર અસરો અર્થતંત્ર પર પડે છે.

ચીનના વુહાન શહેરથી શરૂ થયેલ કોરોના વાયરસે માત્ર ભારતીય અર્થતંત્રને જ નહીં પરંતુ વિશ્વના મોટાભાગના દેશોના અર્થતંત્રને હચમચાવી નાખ્યું. મોટી મોટી મહાસત્તાઓ અને મેડીસીન ક્ષેત્રે ખૂબજ સફળતા મેળવનાર દેશોના હથિયાર અસફળ થયા. તેની ગંભીર અસરોને ધ્યાનમાં લેતા વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા કોરોનાને વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવી. અમેરિકા જેવો શક્તિશાળી દેશ પણ કોરોના વાયરસ સામે મંદ પડી ગયો. શરૂઆતમાં કોરોના વાયરસને NOVEL CORONA VIRUS 2019 નામ આપવામાં આવ્યું. કોરોના વાયરસ શબ્દની ઉત્પત્તિ લેટિન શબ્દ કોરોનાથી થઈ છે જેનો અર્થ તાજ એવો થાય છે છે જે ગોળાકાર વીંટળાયેલ અને કાંટા આકારના હોય છે ત્યારબાદ WHO દ્વારા COVID -19 નામની સત્તાવાર જાહેરાત ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૦ ના રોજ કરવામાં આવી હતી. COVID-19નું પૂરું નામ CORONA VIRUS DISEASE-19 છે. સમગ્ર અર્થતંત્ર પર કોરોનાની સામાજિક, આર્થિક, માનસિક અસરો થઈ છે. કોવિડ-૧૯ ના ઝડપથી ફેલાવાના કારણે વૈશ્વિક અર્થવ્યવસ્થા ખોરવાઈ ગઈ છે. ભારતમાં કોરોનાનો પ્રથમ કેસ 30 જાન્યુઆરી ૨૦૨૦ના રોજ કેરલ રાજયમાં નોંધાયો હતો. ત્યારબાદ ધીમે ધીમે સમગ્ર અર્થતંત્રમાં કોરોનાથી સંક્રમિત વ્યક્તિઓની સંખ્યા વધતી ગઈ. ભારત દેશના ઘણા ભાગોમાં

માર્ચ ૨૦૨૦ની શરૂઆતથી આંશિક શટડાઉન શરૂ થયું. સમગ્ર દેશમાં કોરોનાના વધતાં જતાં કેસોને ધ્યાનમાં રાખીને ૨૫ માર્ચ ૨૦૨૦ થી સંપૂર્ણ ભારત દેશમાં લોક ડાઉન શરૂ થઈ ગયું હતું. જરૂરી સેવાઓ સિવાયની તમામ પ્રવૃત્તિઓ સંપૂર્ણ રીતે બંદ થઈ ગઈ હતી.

ભારતમાં સંપૂર્ણ લોક ડાઉનના કારણે ધંધા-રોજગાર બંધ થયા, વિમાની સેવાઓ સહિત તમામ પ્રકારની મુસાફરી સેવાઓ બંદ કરી દેવામાં આવી. લોકોના કામધંધા બંધ પડી ગયા. આવકના સ્ત્રોતો બંધ થઈ ગયા. સમગ્ર અર્થતંત્રની આવકમાં ઘટાડો થતાં અસરકારક માંગ ઘટી ગઈ. દેશની GDP (Gross Domestic Product)માં ઘટાડો થયો. મૂડીરોકાણમાં ઘટાડો થઈ ગયો. ઉત્પાદનના સાધનોની માંગ ઘટી ગઈ. જેથી ઉત્પાદનના સાધનો બેકાર થઈ પડ્યા. અને અર્થતંત્રમાં લાખો લોકો બેકાર થયા.

સેન્ટર ફોર મોનિટરિંગ ઇન્ડિયન ઇકોનોમીના (CMIE) જણાવ્યા મુજબ કોરોના મહામારીની સૌથી મોટી અસર રોજગાર પર થઇ છે એમાં પણ સૌથી વધુ ભોગ યુવાઓ બન્યા છે. કોરોનાના લીધે જે લોકડાઉન થયું તેમાં માત્ર જુલાઇ માસમાં જ ૫૦ લાખ લોકોને તેમની નોકરી ગુમાવવી પડી, જેમાં મોટાભાગના યુવાનો હતા જેમની ઉંમર ૪૦ વર્ષ કરતા ઓછી હતી. એપ્રિલથી જુલાઇ ૨૦૨૦ વચ્ચે ગત વર્ષની સરખામણીમાં ૧.૧૧ કરોડ નોકરીઓમાં ઘટાડો થયો છે. રિપોર્ટમાં એવું પણ જણાવવામાં આવ્યું છે કે યુવાન ઓછો અનુભવી હોય છે માટે તેને સરળતાથી નોકરીમાંથી હટાવી શકાય છે.

ભારતમાં જાન્યુઆરી ૨૦૨૦ થી જાન્યુઆરી ૨૦૨૧ સુધી બેરોજગારીનો દર નીચે મુજબ છે.

| ક્રમ | મહિનો | બેરોજગારીનો દર% |
|---|---|---|
| ૧ | જાન્યુઆરી ૨૦૨૦ | ૭.૨૨% |
| ૨ | ફેબ્રુઆરી ૨૦૨૦ | ૭.૭૬% |
| ૩ | માર્ચ ૨૦૨૦ | ૮.૭૫% |
| ૪ | એપ્રિલ ૨૦૨૦ | ૨૩.૫૨% |
| ૫ | મે ૨૦૨૦ | ૨૧.૭૩ % |
| ૬ | જૂન ૨૦૨૦ | ૧૦.૧૮% |
| ૭ | જુલાઈ ૨૦૨૦ | ૭.૪% |
| ૮ | ઓગસ્ટ ૨૦૨૦ | ૮.૩૫% |
| ૯ | સપ્ટેમ્બર ૨૦૨૦ | ૬.૬૭% |
| ૧૦ | ઓક્ટોબર ૨૦૨૦ | ૭.૦૨% |
| ૧૧ | નવેમ્બર ૨૦૨૦ | ૬.૫ % |
| ૧૨ | ડિસેમ્બર ૨૦૨૦ | ૯.૦૬% |
| ૧૩ | જાન્યુઆરી ૨૦૨૧ | ૬.૫૩ % |

Source- Statista Research Department February 2021

ઉપરોક્ત માહિતીના આધારે કહી શકાય છે કે કોરોનાના લીધે જ્યારે સંપૂર્ણ ભારત દેશમાં સંપૂર્ણ લોકડાઉન શરૂ થયું તેની ગંભીર અસર બેરોજગારી પર થઈ. એપ્રિલ ૨૦૨૦ ના મહિનામાં બેરોજગારીનો દર સૌથી ઊંચો જોવા મળે છે. કામ ઉપલબ્ધ ન હોવાને કારણે ઘણા બધા શ્રમિકોને છૂટા કરવા પડ્યા. લાખો શ્રમિકો જેમને પોતાના પેટના ખાડા પૂરવામાં મુશ્કેલીઓ ઊભી થઈ તેઓ પોતાના વતન જતાં રહ્યા. તેમનામાં કેટલાક શ્રમિકો જે કોરોનાથી તો બચી ગયા પરંતુ પોતાના વતન સુધી પહોંચી ન શક્યા. રોડ અકસ્માતમાં મૃત્યુ પામી ગયા. અને જેઓ પોતાના વતન પહોંચ્યા તેમનામાંથી પણ ઘણા બધા દૈનિક મજૂરો રોજગારી ન મળવાના ભયના લીધે ગામથી શહેરો તરફ પરત આવ્યા નહીં.

**સમાપન-**

ભારત સહિત વિશ્વને જો ઉપરોક્ત વિપરીત પરિસ્થિતિમાંથી બહાર નીકળવું હોય તો સરકાર દ્વારા જે કોરોના ગાઈડલાઈન બહાર પાડવામાં આવે છે તેનો અમલ દરેક વ્યક્તિએ કરવું જોઈએ. દરેકને કોરોનાની વેક્સીન લેવી જરૂરી છે. અર્થતંત્રની અસરકારક માંગ વધારી શકાય તેવા પ્રયત્નો સરકારને કરવા જોઈએ. સ્વ-રોજગારીને મહત્વ આપવું જોઈએ. સમગ્ર વિશ્વ કોરોના મહામારીની ચપેટમાંથી નીકળશે. અને અર્થતંત્ર ફરી વિકાસના પાટા પર ગતિ કરશે.

**સંદર્ભ-**

૧. આર્થિક સર્વે ૨૦૨૦-૨૧

૨. Statista Research Department February 2021

૩. https://kcgjournal.org August-September 2020 issue 44

૪. https://unemploymentinindia.cmie.com